નિયામક, સમાજ સુરક્ષા ખાતું,
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
ફોન નં. ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં. ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ – dir-sd@gujarat.gov.in

---

નં.સસુખા/અપગ/પરીપત્ર/૨૦૧૭-૧૮/૧૧૫૧૦ તા.૨૮/૧૧/૨૦૧૭

પરીપત્ર

વિષયઃ ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ, અમદાવાદ માન્ય સંસ્થા-મંડળીઓ તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબત

ઉપરોકત વિષય અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ એસટીવાય/૧૦૨૦૧૩/૭૫૫(૪૨૭૦૬૦)અ.૧ ના ઠરાવની નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ આપને મોકલી આપવામાં આવે છે.

ફાઇલ પર માન. નિયામકશ્રીની મંજુર થયેલ નોંધ અન્વયે

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
(૧) સર્વે સરકારી શાળાના આર્ચાયશ્રી/અધિક્ષકશ્રી
(૨) સર્વે વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના વડાશ્રીઓ

નકલ રવાના:
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ માન્ય સંસ્થા-મંડળીઓ તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસટીવાય/૧૦૨૦૧૩/૭૫૫(૬૨૭૦૬૦)/ખ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૧૦/૨૦૧૭

INWARD No. 615790

વંચાણે લીધા:

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.૦૩/૦૬/૨૦૧૬

૨. ઉદ્યોગ અને ખાણ વિભાગનો સમાનાંકી ઠરાવ, તા.૨૭/૦૭/૨૦૧૭

૩. ઉદ્યોગ અને ખાણ વિભાગનો સમાનાંકી ઠરાવ, તા.૧૩/૧૦/૨૦૧૭

૩. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદનો તા.૧૧/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ગ્રામો. વગર ટેન્ડર/૨૦૧૭-૧૮/૧૪૨૩

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ અમલમાં આવેલ છે જેમા મુદ્દા ક્રમાંક: (૮) માં સરકારી સંસ્થાઓને કક્ષા (ક) અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા(ખ)માં વર્ગીકૃત કરવામા આવેલ છે. કક્ષા (ખ) માં ક્રમાંક (૧) અન્વયે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ/ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન લિ.(કે.વી.આઇ.સી.) દ્વારા માન્ય સંસ્થાઓ હોય અને આ સંસ્થાઓ દ્વારા જે ચીજ વસ્તુઓનુ ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજ વસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી ચીજ વસ્તુઓની ખરીદી કરી શકાશે તેમ જણાવેલ છે. કક્ષા (ખ) માં જણાવેલ સંસ્થાઓ પાસેથી મુદ્દા ક્રમાંક (૯) નાણાંકીય મર્યાદા ના ક્રમ(૨) અને (૩) મુજબ ખરીદી કરી શકાય છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ/ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન લિ.(કે.વી.આઇ.સી.) દ્વારા માન્ય સંસ્થાઓ હોય અને આ સંસ્થાઓ દ્વારા જે ચીજ વસ્તુઓનુ ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજ વસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી ચીજ વસ્તુઓની ખરીદી ₹.૨,૦૦,૦૦૦/-(રૂપિયા બે લાખ પૂરા)ની મર્યાદામા ભાવપત્રક (ક્વોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે તથા ₹.૨,૦૦,૦૦૦/- થી ₹.૫,૦૦,૦૦૦/- સુધીની ખરીદી ટચૂકડી જાહેર ખબર આપી સંસ્થાઓ પાસેથી ખૂલ્લા ટેન્ડર મેળવી ખરીદી કરી શકાશે પરંતુ આવા ટેન્ડર ત્રણ કરતાં ઓછા હશે તો તે માન્ય ગણાશે નહીં,જ્યારે ₹.૫,૦૦,૦૦૦/- કરતાં વધુ ખરીદી માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિ અપનાવવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક(૨) અને (૩)ના ઠરાવથી ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી માટે સંસ્થાઓ/મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ તેમના દ્વારા જ ઉત્પાદિત વસ્તુઓ માટે ઠરાવ બહાર પાડ્યા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી અથવા નવો ઠરાવ બહાર ન પડે ત્યાં સુધી અથવા તા.૩૧/૦૩/૨૦૧૮ આ પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીની મુદત માટે શરતોને આધીન રહીને વિના ટેન્ડરે ખરીદી કરવાની માન્યતા આપવામા આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના પત્રથી ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા ભલામણ કરેલ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તે માટે નવી મુદત માટે દરખાસ્ત થતાં કુલ-૦૩ (ત્રણ) સંસ્થાઓને વગર ટેન્ડરની યાદીમાં સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા ભલામણ કરેલ નીચે મુજબની કુલ ૦૩(ત્રણ) માન્ય સંસ્થાઓ/મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ તેઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓની ખરીદી માટે આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી અથવા નવો ઠરાવ બહાર ન પડે

ત્યાં સુધી અથવા તા.૩૧/૦૩/૨૦૧૮ આ પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીની મુદત માટે માન્યતા આપવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામું | ઉદ્યોગનું નામ |
|---|---|---|---|
| ૧ | ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, ભાવનગર | ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, ગાંધી સ્મૃતિ, ભાવનગર | સુતરાઉ ખાદી, તેલઘાણી,સુથારી લુહારી, બેકરી, મસાલા |
| ૨ | જન સેવા ખાદી ગ્રામોદ્યોગ સંઘ | મુ. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | સુથારી લુહારી |
| ૩ | ગુજરાત ખાદી અને કુટિર ગ્રામોદ્યોગ ટ્રસ્ટ | ગાયત્રી મંદિર સામે, ધરતી એવન્યુ ફ્લેટ, મહેસાણા-૨ | સુથારી લુહારી |

ઉપર જણાવેલ સંસ્થાઓને નીચેની શરતોને આધીન રહીને વિના ટેન્ડરે ખરીદી કરવાની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ સંસ્થાઓ પાસેથી કરવામાં આવનારી ખરીદી માટેની નાણાંકીય મર્યાદા અને કાર્ય પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.૦૩/૦૬/૨૦૧૬ મુદ્દા ક્રમાંક (૯) નાણાંકીય મર્યાદા ના ક્રમ(૨) અને (૩) મુજબની રહેશે.

(૨) આ ઠરાવ અન્વયે માન્યતા ધરાવતી સંસ્થાઓને જે ચીજ વસ્તુઓ માટેના વેચાણ માટે માન્ય કરવામાં આવતી હોય તે જ ચીજ વસ્તુઓ તેઓ દ્વારા ઉત્પાદિત થતી હોય તેનું જ વેચાણ કરી શકાશે એટલે કે બહારથી ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુઓનું વેચાણ આ ઠરાવના હેતુઓ માટે માન્ય ગણાશે નહીં.

(૩) માન્યતા ધરાવતી સંસ્થાઓનું આ હેતુ માટેની સ્થાયી સમિતિ દ્વારા ગમે ત્યારે આકસ્મિક નિરીક્ષણ કરવામાં આવશે.

(૪) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા આવી સંસ્થાઓની માન્યતા વધુ સમય માટે ચાલુ રાખવા માટેની ભલામણ સહિતની દરખાસ્ત તા.૩૧/૧૨/૨૦૧૭ પહેલાં રાજ્ય સરકારશ્રીને કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓના નામે,

(એમ.એમ.ડાભી)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર
૩. માનનીય મંત્રીશ્રી (કુટીર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર
૪. માનનીય સંસદીય સચિવશ્રી(કુટિર ઉદ્યોગ)ના અંગતસચિવશ્રી, બ્લોકનં૧/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૬. અંગત સચિવશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનું કાર્યાલય, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૭. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્રથી)
૮. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.(પત્રથી)
૯. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.(પત્રથી)
૧૦. સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
૧૧. લોકાયુક્તશ્રીની કચેરી, ગાંધીનગર.(પત્રથી)
૧૨. રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર.

૧૩. અગ્ર સચિવશ્રી(ઉધોગ અને ખાણ વિભાગ)ના અંગત સચિવશ્રી , ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૪. અગ્ર સચિવશ્રી (કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રેસ કોર્સ રોડ, રાજકોટ,

૧૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ

૧૭. નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ

૧૮. કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

૧૯. સદસ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રામ નિર્માણ ભવન, જૂના વાડજ અમદાવાદ.

૨૦. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

૨૧. સચિવાલયના સર્વે વિભાગો મારફત તાબા હેઠળના બોર્ડ/નિગમો/કચેરીઓને જાણ કરવા સારૂ.

૨૨. કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.)

૨૩. સિલેક્ટ ફાઇલ